સુવિચાર : આપણી વાંસળીમાં રેલાવીએ વેદનાના સૂર, ઝીલનાર ઝીલી લેશે.. પાસે હશે કે દૂર - મકરંદ દવે




આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૫ | ૨૫ મે, ૨૦૧૫, સોમવાર ; જેઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શાળા પ્રવેશોત્સવની નીતિમાં પરિવર્તન કરાશે

## સી અને ડી ગ્રેડની શાળા તેમજ ડ્રોપઆઉટ રેસિયો વધુ ધરાવતી શાળામાં જ અતિથિઓ પ્રવેશોત્સવ માટે જશે

ગાંધીનગર, તા. ૨૪

આગામી જૂન માસમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવ માટેની નીતિમાં આમૂલ પરિવર્તન કરવાનો મહત્વનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

પ્રવેશોત્સવના કાર્યક્રમોમાં અતિથિઓ જ્યાં ડ્રોપઆઉટ રેસિયો વધારે છે તેમજ સી અને ડી ગ્રેડની શાળાઓ છે તેમાં જ જશે અને ત્યાં શિક્ષણના સાર્વત્રિકરણ પર ભાર મુકવામાં આવશે.

શિક્ષણ વિભાગના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે ધો. ૮ પછીના ડ્રોપઆઉટ રેસિયો તેમજ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં ડ્રોપઆઉટ થનાર વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ શાળામાં ડ્રોપઆઉટનો રેસિયો સરેરાશ કેટલો છે તેની કવાયત હાલ ચાલી રહી છે.

આ ઉપરાંત છેલ્લા પાંચેય ગુણોત્સવમાં જે શાળાઓનું પરિણામ સી અને ડી ગ્રેડમાં જ રહ્યુ છે તેવી શાળાઓને પણ અલગ તારવવામાં આવી રહી છે.

આ બન્ને પરિણામોને આધારે શાળા પ્રવેશોત્સવના રૂટ નિયત કરવામાં આવશે. રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ નિયામક અને ઉચ્ચત્તર શિક્ષણ નિયામકની કચેરી દ્વારા આ કવાયત અંતિમ તબક્કામાં હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે દરેક પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજવામાં જરૂર આવશે પરંતુ આ શાળાઓને અગ્રતા આપવામાં આવશે. શિક્ષણના સાર્વત્રિકરણ માટે સરકાર ગંભીર છે તેમજ શિક્ષણનું પ્રમાણ સામાજિક સમરસતા વધારનારૂ હોવાનું સરકાર સ્પષ્ટ માની રહી છે. તેથી જ આ વખતે મહત્વનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ દરેક

● અનુસંધાન પાન-૭ પર

# આજે સ્થાયી સમિતિના ચેરમેનની વરણી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની આજે મહત્વની બેઠક મળશે જેમાં તેના ચેરમેનની નિયુક્તી કરવામાં આવશે.

પાછલા બારણે સત્તા હાંસલ કરનાર ભારતીય જનતા પક્ષના બીજા ચેરમેન સ્ટેન્ડીંગ કમિટીને મળશે. આ નવા ચેરમેનની નિયુક્તીને લઈ ભારે રાજકીય ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે.

ચેરમેનપદ મેળવવા માટે દાવેદારોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. ભાજપે પણ આ સમિતિમાં તેના લગભગ તમામ સભ્યોને સ્થાન આપી દીધુ છે. પાંચ મહિલા સદસ્યો પણ આ સમિતિમાં સ્થાન પામી છે.

ચેરમેન પદને લઈ યુવાનોને તક, સિનીયરોને તક અને મહિલાઓને તક આપો તેવા દાવા પ્રતિદાવાઓ વચ્ચે ભાજપના સભ્યોમાં જ ભારે ખેંચતાણ ચાલી રહી છે અને તેથી જ આ નિમણુંકે રાજકીય ઉત્તેજના જગાવી છે.

**યુવાનોને તક, મહિલાઓને તક, સિનીયરોને તકના દાવાઓએ જગાવેલી રાજકીય ઉત્તેજનાઓનો અંત આવશે**

આ પદ માટે ભાજપમાં તીવ્ર ખેંચતાણ જોવા મળી રહી છે અને એટલે જ સમિતિના સભ્યોની ચૂંટણીના વીસ દિવસથી પણ વધુ સમય પસાર થયા બાદ ચેરમેનની નિયુક્તી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ભાજપ આગામી વર્ષે આવી રહેલી સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખી અને સરકાર સાથે સમન્વય જાળવી શકે તેમજ પ્રજામાં પણ એક આગવી ઓળખ ઉભી કરી શકે અને પક્ષની વિચારધારાનો વ્યાપ વધારી શકે તેવા ઉમેદવારની પસંદગી પ્રદેશ દ્વારા કરાશે તેમ મનાઈ રહ્યું છે.

બપોરે ૧ વાગે સ્થાયી સમિતિનો સમય નિયત કરવામાં આવ્યો છે પણ સભ્યોને ૧૨ વાગ્યા સુધીમાં મેયરશ્રીના કાર્યાલયમાં પહોંચવા માટે જણાવવામાં આવ્યું છે. અહિ પ્રદેશ કક્ષાએથી મેન્ડેટ આપશે અને તેની ઘોષણા થશે અને ત્યારબાદ સમિતિની બેઠકમાં ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવશે.

સ્થાયી સમિતિમાં આમ તો બીજો કોઈ એજન્ડા નથી દર્શાવાયો એટલે માત્ર ગણતરીની મિનિટોમાં જ બેઠક પૂર્ણ થશે.



મેઘ સ્નાન - ધોમધખતા તાપમાં પાણીમાં છબછબિયા કરતી ટિંટોડી પર અનુમાન શાસ્ત્રીઓ વહેલા વરસાના સંકેત આપે છે... ટિંટોડીના ઈંડા ઉંચાઈ કે નીચાઈ પરથી થતાં અનુમાનને પગલે આ વધુ એક સાંકેતિક દશ્ય ચર્ચામાં છે... ગરમીથી બચવા પાણીમાં ન્હાતી ટિંટોડીનું નિર્દોષ દશ્ય જાત જાતના ને ભાત ભાતના અનુમાનો ઉપજાવે છે... (તસવીર : દિપક જાની)

# ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન માટે નીતિ ઘડાઈ : આનંદીબેન પટેલ

ગાંધીનગર,તા. ૨૪


મુખ્યપ્રદાન આનંદીબેન પટેલે પાકને કુદરતી રીતે પકવવા માટે રાજ્યમાં વધુ રાઈપનિંગ ચેમ્બર્સ નિર્મામ માટે રાજ્ય સરકાર પ્રોત્સાહન આપશે તેવી નેમ વ્યક્ત કરી હતી. આ સંબંધમાં તેમણે કહ્યું હતું કે પાક ઉત્પાદન અને ફળફળાદી પાકોને કેમિકલ્સ યુક્ત ખાતરો દ્વારા પકવીને માનવ સ્વાસ્થ્ય પ્રત્યે જોખમ ઉભું કરતી આવી પેદાશોના સ્થાને આવા રાઈપનિંગ ચેમ્બર્સમાં પકવેલા પાકો કુદરતી વાતાવરણની જેમ જ પાકે છે જે અત્યંત ઉપકારક અને ઉપયોગી છે. હવે વિશ્વ આખું ઓર્ગેનિક ખેતી તરફ વળ્યું છે ત્યારે ગુજરાતના ધરતી પુત્રો માટે ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપતી નીતિ પણ રાજ્ય સરકારે ઘડી છે. તેની રૂપરેખા આનંદીબેને આપી હતી. મુખ્યમંત્રીએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોંડલ દ્વારા ચાર કરોડના ખર્ચે નિર્માણ થયેલા ૫૦૦ ફૂટ પહોંળા ઓક્શન સેઝનું પ્રજાર્પણ કર્યુ હતું. તેમણે આ સાથે માર્કેટ યાર્ડમાં નવી નિર્મિત ૧૨ રાઈપનિંગ ચેમ્બર્સનો પણ કાર્ય આરંભ કરાયું હતું. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સ્વભંડોળમાંથી આ ચેમ્બર્સ ૧.૨૦ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર








**જોઈએ છે**
**LED-TV • LCD-TV**
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫

**CBSE & GUJ. BOARD**
Private, Personal & On-line Tuitions
**Sir AJIT PILLAI**
Mathematics & Science
Std. 8th to 12th
Convent Class of Education : 98258 38108